ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૨-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ...ઝુકાનેવાલા ચાહિએ

વિશ્વની મહાસત્તાના કેફમાં રહેનાર અને પોતાની શરતે જ બાકી બધાં સાથે સંબંધ રાખવામાં માનનાર યુનાઈટેડ સ્ટેટસ ઑફ અમેરિકાનાં ભારત ખાતેનાં રાજદૂત નેન્સી પોવેલ સામે ચાલીને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતે આવી ગયાં, એ ઘટનાને અમેરિકાનું વહીવટી તંત્ર ભલે પરંપરાગત કર્મકાંડમાં ખપાવવાનો પ્રયાસ કરે પણ એના ગૂઢ અર્થસંકેત હવે કોઈથી પણ અજાણ્યા નથી રહ્યા. ગુજરાતના મુખ્યમંત્રીને રાજકીય રીતે અસ્પૃશ્ય ગણી અપમાનિત કરવામાં અમેરિકા સહિત યુરોપના દેશોએ કંઈ જ કસર નહોતી રાખી. ૨૦૦૨નાં રમખાણોમાં લઘુમતી કોમ પર થયેલા હુમલા સરકાર પ્રેરિત હોવાનો ભારે પ્રચાર થતો રહ્યા, ત્યાં સુધી કે એને 'નરસંહાર' અને 'હોલોકાસ્ટ' જેવા ઘૃણાસ્પદ નામે ઓળખાવી ગુજરાતના મુખ્યમંત્રી સામે સતત આંગળી ચીંધાતી રહી હતી. અમેરિકાએ આ જ મુદ્દાસર ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયના ચૂંટાયેલા રાજયના મુખ્યપ્રધાનના વિઝા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. પૂરાં નવ વર્ષ પછી અમેરિકાએ મોદી સાથે દોસ્તીનો હાથ લંબાવવો પડ્યો છે, એની પાછળ કેટલીક ચોક્કસ ગણતરીઓ છે. અમેરિકી વિદેશીખાતાના પ્રવકતા જેન સાકી એમનાં રાજદૂત મોદીને મળે એને રાજકીય પક્ષો સાથે સંપર્ક ચાલુ રાખવાની નીતિના જ ઉપક્રમ તરીકે જુએ છે. રાજકીય અને વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ સાથે જીવંત સંબંધો સ્થાપવા અને આગળ વધારવા તે અમેરિકન વિદેશનીતિની પૉલિસીનો જ ભાગ છે. વળી એથી મોદી સામે મુકાયેલ પ્રવેશ પ્રતિબંધમાં કોઈ ફરક પડતો નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ અને વિદેશમંત્રીનો અભિગમ યથાવત જ રહે છે. એક તરફ આવાં નિવેદન કરી અમેરિકા એની ટંગડી ઊંચી રાખે છે જ્યારે બીજી તરફ મોદી સાથે વહેલી તકે મુલાકાત ગોઠવાય એની તજવીજમાં રહે છે. મોદીએ ભારતીય રાજદૂત ખોબ્રાગડે સાથેના અમેરિકન વહીવટીતંત્રના અઘટિત વ્યવહારના મુદ્દે અમેરિકન સાંસદોના પ્રતિનિધિમંડળને મળવાની ના પાડી દીધી હતી. નેન્સી પોવેલ એમને પરસ્પરની અનુકૂળતાએ દિલ્હી ખાતે જ કયાંક મળી લેવા માંગતાં હોય તો મને મારા ઘરે આવીને મળી શકે છે. એમણે વેંચ છેટે અમદાવાદ જઈને મળવાની પણ ના ભણી દીધી હોવાનું કહેવાય છે. આખરે વાંકાં રહીને મહિલા રાજદૂતને એમના ગાંધીનગર ખાતે આવેલ અધિકૃત નિવાસ સ્થાને આવી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવારને મળવું પડ્યું. મોદીમાં વિશ્વવિજેતા સિકંદર અને નેપોલિયન કે હિટલરમાં હતી એવી એક જબરજસ્ત 'કીસર ઈન્સ્ટિંકટ' પડેલી છે. એ પ્રતિસ્પર્ધીને નાક લીટી તણાવીને જંપે છે. પ્રાદેશિક ક્ષત્રપોથી લઈ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓને એ પોતાના વજૂદનો પૂરો હિસાબ આપવામાં માને છે. એમની સામે પડનારાઓને પોતાની હેસિયતનું ભાન ન કરાવે ત્યાં લગી એમને જંપ વળતો નથી. નેન્સી પોવેલ ગાંધીનગર આવ્યાં એટલે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને પણ એમના નિવાસ સ્થાને જઈને મળે, પેટ્રોલિયમ યુનિવર્સિટીની, 'સેવા' સંસ્થાની અને અડાલજની વાવ ઉપરાંત શાહીબાગના સરદાર સ્મારકની પણ મુલાકાત લે એ બધી આનુષંગિક અને વધારાની બાબતો છે. મૂળે તો એમનો વન પૉઈન્ટ પ્રોગ્રામ ગુજરાતના કદાવર રાષ્ટ્રીય નેતાને મળીને એમના પ્રત્યે અમેરિકાના નરમ બની રહેલ અભિગમનો અણસાર આપવાનો જ હતો. વેલેન્ટાઈન ડેની મોંઘેરી ભેટ સમી આ મુલાકાત મોદી અને અમેરિકા-બેઉના સંબંધોની શરૂઆત બની રહેશે.

## આજથી નીફટ ગાંધીનગર ખાતે બે દિવસીય સ્પેકટ્રમ ઈવેન્ટ

### વોલીબોલ, બાસ્કેટબોલ, કવીઝ, ટેટ્ર-નેઈલ આર્ટ જેવા કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૪

નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ ફેશન ટેકનોલોજી ગાંધીનગર દ્વારા આવતીકાલથી બે દિવસીય સ્પેકટ્રમ ઈવેન્ટનો પ્રારંભ થશે. વાર્ષિક સમારંભમાં નીફટ સહિતની છથી વધુ કોલેજના વિદ્યાર્થીઓ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેશે.

બે દિવસીય ઈવેન્ટમાં આવતીકાલે પ્રથમ દિવસે સ્પેલ બી, એડમેડ, પોએટ્રી, ડાન્સ બેટલ, ટેલેન્ટ શો અને કૂકિંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવશે. સ્પેકટ્રમ ૨૦૧૪માં યજમાન નીફટ ગાંધીનગરની સાથે જીએનએલયુ, પીડીપીયુ, ઈડીઆઈ, એચએલ, એડવીઆઈટી, કેબી ઈન્સ્ટીટયૂટ ઓફ ફાર્માસ્યૂટીકલ એજયુકશન એન્ડ રિસર્ચ વગેરે જેવી કોલેજના ખેલાડીઓ અને સ્પર્ધકો ભાગ લેવાના છે.

સ્પોર્ટસ ઈવેન્ટમાં બાસ્કેટબોલ બોઈઝ-ગર્લ્સ, વોલીબોલ બોઈઝ-ગર્લ્સ, થ્રો બોલ ગર્લ્સ, ડીજીટલ વોર,ચેર, કેરમ, ફન ગેમ્સ સ્કીપીંગ ડાર્ટસ સ્ટ્રીટ સોકર વિગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડાયરેકટર પવન ઘોડિયાવાલાના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. અને આ ઈવેન્ટનું સંચાલન સ્ટુડન્ટ ડેવલપમેન્ટ એકટીવીટી કોર્ડિનેટર અમીષા મહેતા અને તેમની ટીમ કરી રહી છે.

## હરિની દૃષ્ટિ...




તમારા ભાઈને રાગ-સંગીતમાં ખબર પડે, હું તો આ ગાયીકાની સાડી અને લીપ્સ્ટીક જોવા જ આવું છું...!!



ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહ દરમિયાન ઈન્દોર ખાતે યોજાયેલી ૩૬મી જુનિયર ગર્લ્સ હેન્ડબોલ સ્પર્ધામાં સાઈની ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિજેતા ટીમના ઉત્કૃષ્ટ દેખાવને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા વેસ્ટર્ન રીજીયનના ડાયરેકટર રુપકુમાર નાયડુએ બિરદાવી ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## એસ.ટી. બસના ડ્રાયવર કડંકટરની વિદ્યાર્થીઓ સામે દાદાગીરી

### બાપૂ કોલેજે બસ ઉભી રાખવા વિદ્યાર્થીઓ કરગર્યા છતા બસ ન ઉભી રાખી

ગાંધીનગર, તા.૧૪

એસ.ટી. નિગમના ડ્રાયવર કડંકટરોની અશિસ્ત વધતી જઈ રહી છે. નિગમ મુસાફરોને શ્રેષ્ઠ અને સરળ મુસાફરી મળી રહે તેવા પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે નિગમના જ કર્મચારીઓ એસ.ટી.ને બદનામ કરી રહ્યા છે. શુક્રવારે સવારે ગાંધીનગરથી ઉપડેલી એસ.ટી. બસના ડ્રાયવર અને કડંકટરે વિદ્યાર્થીઓ સામે દાદાગીરી કરીને શંકરસિંહ બાપૂ કોલેજે બસ ન ઉભી રાખી વિદ્યાર્થીઓને રીતસર બાનમાં લીધા હતા જેથી વિદ્યાર્થીઓમાં રોષ ભભૂકી ઉઠયો છે અને આંદોલનના મુડમાં જણાઈ રહ્યા છે.

મળેલ વિગતો મુજબ શુક્રવારે સવારે એસ.ટી. નિગમની બસ નં. જીજે ૧૮-વાય ૩૯૨૪માં ગાંધીનગરથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ શંકરસિંહ બાપૂ કોલેજ જવા બેઠા હતા. બાપૂનગરથી પામોલ જતી આ બસ લોકલ હતી જેથી વિદ્યાર્થીઓએ બાપૂ કોલેજ સ્ટેન્ડ નજીક આવતા કડંકટરને બસ ઉભી રાખવા વિનંતી કરી હતી છતાં કડંકટરે ઉદ્ધત જવાબ આપ્યો હતો જેમાં ડ્રાયવર પણ સામેલ થઈ ગયો હતો વિદ્યાર્થીઓ કરગર્યા છતા આ બે કર્મીઓએ દાદાગીરીથી એમ કહ્યું હતું કે તમારાથી થાય તે કરી લો બસ બાપૂ કોલેજે ઉભી નહીં રહે અને બસ કોલેજથી બે કિમી દુર મહાદેવ સ્ટેન્ડે ઉભી રાખી હતી. જેથી વિદ્યાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો છે અને વિદ્યાર્થીઓ પણ આંદોલનના મુડમાં જણાઈ રહ્યા છે. એસ.ટી. દ્વારા વિદ્યાર્થીઓને પાસ ઈશ્યુ કરી દેવાય છે પરંતુ ફરજ ઉપરના કર્મચારીઓને સુચના અપાતી નથી. જેથી નિગમ આ અંગે ગંભીર બને તે ઈચ્છનીય છે.

## ચૌધરી કોલેજનો સમારોહ

ગાંધીનગર, તા.૧૪

સે-૭ સ્થિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો અષ્ટ દશમ્ વાર્ષિક રસોત્સવ, ઈનામ વિતરણ અને સ્નાતક શુભેચ્છા સમારોહ તા. ૧૯ ફેબ્રુઆરી સવારે ૯-૦૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે યોજવામાં આવશે. જેમાં ચૌધરી કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહેવા કોલેજ પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા ૧૬મીએ બાળ રમતોત્સવ

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા પ્રજાપતિ સમાજના ધોરણ ૧થી ૯ના વિદ્યાર્થીઓ માટે બાળ રમતોત્સવ તા. ૧૬મી ફેબ્રુઆરીના રોજ સવારે નવ કલાકે પ્રાથમિક શાળાની બાજુમાં સેકટર-૬ ખાતે યોજાશે. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે.

## ઠાકોર-કોળી વિકાસ નિગમનો ચેક વિતરણ સમારોહ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર અને રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હીના સંયુકત ઉપક્રમે ચેક વિતરણ સમારોહ તા. ૧૮ ફેબ્રુઆરી મંગળવાર સવારે ૧૦-૦૦ કલાકે યોજવામાં આવનાર છે.

રાજયમાં ઠાકોર અને કોળી સમાજના સર્વાંગી વિકાસ અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે ગાંધીનગરના સેકટર-૧૭ની સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે મંત્રી રમણલાલ વોરાના હસ્તે ચેક વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રી લીલાધરભાઈ વાઘેલા, અધ્યક્ષ પુંજાજી ઠાકોર, મેયર મહેન્દ્રસિંહ રાણા (દ) ધારાસભ્ય શંભુજી ઠાકોર (ઉ) ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ઉપાધ્યક્ષ મનુભાઈ ચાવડા અને અગ્ર સચિવ સંજય પ્રસાદ ઉપસ્થિત રહેશે.

## પ્રાથમિક તાલુકા શિક્ષક સંઘ આયોજિત સેમિનાર અંગે વિઘ્નસંતોષીઓનો અપપ્રચાર

### શિક્ષકોને અમાન્ય મંડળો દ્વારા ગેરમાર્ગે ન દોરાવા અને સેમિનારને સફળ બનાવવા શિક્ષકસંઘની હાંકલ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવાના આશયથી અથાગ પ્રયત્નો હાથ ધરાયા છે. આ અંતર્ગત ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે પણ જીસીઈઆરટીના સહકારથી તા. ૨૪મી ફેબ્રુઆરીએ ટાઉનહોલ ખાતે એક શૈક્ષણિક શિબિરનું આયોજન કરેલ છે. કેટલાક વિઘ્નસંતોષીઓ અંગત સ્વાર્થ ખાતર આ શૈક્ષણિક શિબિર અંગે શિક્ષકોને ગુમરાહ કરી અમાન્ય મંડળોના નામથી હવનમાં હાડકા નાંખવાનું કામ કરી રહ્યા છે. તેવા આક્ષેપ સાથે તાલુકા શિક્ષક સંઘે શિક્ષકોને આ તત્વોથી ભરમાયા વગર શૈક્ષણિક શિબિરને સફળ બનાવવા હાંકલ કરાઈ છે.

રાજયભરમાં શિક્ષણખાતા દ્વારા પ્રાથમિક શાળાઓમાં ઓરડા, કમ્પાઉન્ડ વોલ, સેનીટેશન, પાણીની પરબ, કોમ્પ્યુટર લેબ અને જરૂરી ફર્નિચર જેવી ભૌતિક સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવ્યા બાદ શિક્ષણની ગુણવત્તામાં સુધારા લાવવાના આશયથી અનેક પ્રયત્નો હાથ ધરાયા છે. આ અંતર્ગત ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દરેક જિલ્લામાં શૈક્ષણિક અધિવેશન દ્વારા ચિંતન શિબિરો અને શિક્ષાયાત્રા યોજી રાષ્ટ્રવ્યાપી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા બિરદાવવામાં આવેલ છે તેમજ મુખ્યમંત્રીના અથાગ પ્રયત્નોથી પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો થકી શિક્ષણમાં શિક્ષક અને સમાજની ભાગીદારીથી રાષ્ટ્રીય લેવલે પણ રાજયનો ક્રમ આગળ લાવવા આહવાન કરવામાં આવેલ છે.

આ આહવાનને ઉપાડી લઈને તાલુકા શિક્ષક સંઘ દ્વારા ગાંધીનગર તાલુકામાં પણ ગુણવત્તાલક્ષી શિક્ષણ બાબતે ડાયેટ તેમજ જીસીઈઆરટીના ગાંધીનગરના તજજ્ઞો દ્વારા તા. ૨૪મી ફેબ્રુઆરીએ એક શૈક્ષણિક સેમીનારનું આયોજન કરાયું છે. આ સેમિનારમાં રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ અને તજજ્ઞોના માર્ગદર્શક પ્રવચનો તેમજ સૂચનો દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણમાં સુધારો લાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવનાર છે. જો કે આ આયોજનમાં કેટલાક વિઘ્ન સંતોષી માણસો દ્વારા અંગત સ્વાર્થ ખાતર શિક્ષકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે તેવો તાલુકા શિક્ષક સંઘે આક્ષેપ કરતા શિક્ષકોને આવા અમાન્ય મંડળોની વાતોમાં આવ્યા વગર આ શિબિરમાં ઉમટી પડવા અનુરોધ કર્યો છે.

## સરકારી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગરની સરકારી વિનયન કોલેજ સે. ૧૫ ખાતે ગુજરાતી વિભાગ દ્વારા અમેરીકાથી આવેલા કવિ પ્રિતમ લખલાણીએ તૈયાર કરેલ સર્જન-બ્લેક લિટરેચર વિશે તા. ૧૨ના રોજ કોલેજ પરિસરમાં વ્યાખ્યાન યોજવામાં આવ્યુંહતું. કાર્યક્રમમાં જેમની કવિતાના કેન્દ્રમાં માણસ છે તેવા કવિ પ્રિતમે તેમની સર્જન કેફિયત સાથે પોતાની કવિતાઓનું પઠન કરીને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને કવિતામય બનાવી દીધા હતા. તેમના ૩૫ વર્ષના અમેરીકાના અનુભવો વાગોળી માતૃભાષાનું મહત્વ સમજાવી ડાયસ્ફોરિક અને બ્લેક લિટરેચર વિશે વાત કરી હતી. પ્રા. ડૉ. હિંમત ભાલોડિયા, પ્રા. રમેશ પટેલ, અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત હતા.

## આજે શિવરંજની દ્વારા વેલેન્ટાઈન ડેનો વિશિષ્ટ કાર્યક્રમ

પ્રેમની અનુભૂતિના હિન્દી-ગુજરાતી ભાષાના ચલચિત્રોના ગીતો, ભકત કવિઓના પદો અને ગુજરાતી કાવ્યોનો ગુલદસ્તો એટલે પ્રેમ અસ્તિત્વનો ઉત્સવ, વેલેન્ટાઈન ડેના માદક વાતાવરણ સાથે પ્રેમ એટલે શું? તેનો વિશિષ્ટ કાર્યક્રમ શિવરંજની સંસ્થા ઉપરક્રમે તા. ૧૫ ફેબ્રુઆરી રાત્રે ૯.૩૦ કલાકે ટાઉન હોલમાં યોજાશે. જેમાં જાણીતા કલાકારો દિવ્યાંગ અંજારીયા, ડૉ. ફાલ્ગુની, પરાગી અમર અને ધ્રુવિશ શાહ દ્વારા રજૂઆત થશે.

## પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ

પ્રેરણા વિદ્યાલયમાં સાંજના સંગીત વર્ગ ચાલે છે. જેમાં તબલાવાદક અરવિંદ વોરા સંગીતની તાલીમ આપે છે. ગાંધીનગરના બે સંગીત સાધક ભૃગુમચ્છર તથા ચિંતન શર્માએ સંગીતની તાલીમ લઈને ડિસેમ્બર ૧૩માં લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે. તબલાંવાદનમાં સંગીત વિશારદની ડિગ્રી મેળવેલ છે. વિદ્યાર્થીઓને પ્રેરણા વિદ્યાલયના આચાર્યા સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા છે.

## શિક્ષાપત્રી : જીવન ઉપયોગી વિશિષ્ટ ગ્રંથ

### સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

વસંત પંચમીએ માત્ર પ્રાકૃતિક પરિવર્તનનો દિવસ નથી પરંતુ સાથે સાથે સાંસ્કૃતિ પરિવર્તનનો દિવસ દિવસ પણ છે. આપણા પ્રાચીન ગ્રંથો, વેદો, ઉપનિષદો વગેરે કયારે રચાયા તે આપણે જાણતા નથી. પરંતુ એ ગ્રંથોમાં છુપાયેલા ગૂઢ રહસ્યોનું દોહન કરી, લોક ભોગ્ય ભાષામાં તદ્દન સરળ રીતે, સૌને સમજાય તેમ એ અમૃતનું પાન કરાવનાર ગ્રંથ શિક્ષાપત્રીનો રચના દિવસ તો વસંત પંચમી જ છે. શિક્ષાપત્રીની રચનાના કારણે વસંત પંચમીનું જ્ઞાન પંચમી નામ સાર્થક થયું છે. શ્રીમદ્ ભાગવત ગીતા માટે કહેવાય છે કે ગોપાલનંદન કૃષ્ણે ઉપનિષદોરૂપી ગાયો દોગી વત્સ અર્જુનને પયપાન કરાવ્યું તેમના જ અવતાર ભગવાન સ્વામી નારાયણે આ અમૃતનું પાન તમામ આશ્રિતોને કરાવ્યું. વિકસતા મનોભાવોનું આ ઉત્તમ ઉદાહરણ છે.

ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ ગયા પછી કલિનો પ્રભાવ વધતો ગયો. આજના અતિ આધુનિક સમયમાં પણ ભોળી પ્રજા પ્રપંચમાં ફસાય છે તો એ સમયની દારૂણ સ્થિતિનું તો શું વર્ણન કરવું. અજ્ઞાનતા અંધકારમાં પ્રજા સબડતી હતી. ત્યારે એક પ્રકાશ- કિરણ ધીમેથી પ્રગટ થયું ભગવાન સ્વામીનારાયણનું અવતરણ થયું. સમગ્ર પ્રજાની અધોગતિ જોઈ તેમના અતિ કોમળ ચિત્તમાં વ્યાકુળતા પ્રગટી. પ્રજાને સત્યના માર્ગ પર પ્રતિષ્ઠિત કરવા તેઓએ ઊંડું મનોમંથન કર્યું. તીવ્ર તપસ્યાના ફળરૂપે 'સત્સંગી જીવન' ગ્રંથ રચાયો. આ ગ્રંથમાં મોક્ષ માર્ગના સત્સંગીઓને કર્મફળ માટે વિવિધ નિયમો મુકાયા. આ ઉત્તમ ગ્રંથના એક ભાગરૂપે શિક્ષા પત્રનો અવિર્ભાવ થયો છે. જેમ શ્રીમદ્ ભાગવત એ ભગવાન શ્રીકૃષ્ણનું વાડમય સ્વરૂપ છે. તેમ શિક્ષાપત્રી પણ સ્વામીનારાયણ ભગવાનનું વાડમય દિવ્ય સ્વરૂપ છે. તેમાં આલેખાયેલ નિયમોનું પાલન કરનાર સુખી થશે તેવું સ્પષ્ટ વરદાન અપાયું છે. સામાન્ય તઃ ધર્મગ્રંથોમાં, આત્મા પરમાત્મા, ચિત્ત, રાજ-દ્વેષ જેવા વિષયોની ચર્ચા કરાય છે. પરંતુ શિક્ષાપત્રી આ ચીલો ચાતરી ચાલે છે. તેમાં પણ ભક્તિનીવાત કેન્દ્ર સ્થાને હોવા છતાં વ્યવહારિક જીવનને લગતા, સદાચાર અને નીતિ વિષયક સિદ્ધાંતો રજૂ કર્યા છે. ભૂમિતિના નિયમો જેવા આ આદેશો પણ અપરિવર્તનશીલ છે. સ્વામી નારાયણ ભગવાને પોતાની વાણી વિચાર તથા કર્મ સાથે આ સંપ્રદાયની માન્યતા સ્વીકારનાર હરિભકતોમાં એકતા ટકી રહે તથા ભવિષ્યમાં કોઈ ફેરફારને અવકાશ ન રહે માટે આ અફરનિર્ણયો આપ્યા છે. જેમાં કેટલાક નિષેધાત્મક તો કેટલાક વિધેયાત્મક છે. જગતગુરુ શંકરાચાર્યજીએ તો પોતાના સમયમાં વિવેક પર ભાર મુક્યો હતો. પરંતુ કલિના પ્રભાવથી માનવીની વિવેકશક્તિ કુંઠિત થઈ છે. તેથી શિક્ષાપત્રીમાં આદેશો અપાયા છે.

સાહિત્ય તો સંપ્રદાયનો પાયો ગણાય. શાસ્ત્રોમાં સ્પષ્ટ કહેવાયું છે કે સત્ય જ્ઞાનની પ્રાપ્રતિ માટે માર્ગમાં આવતા અવરોધો વિશે જાણકારી હોવી જોઈએ. ભગવાન સ્વામીનારાયણ શિક્ષાપત્રી દ્વારા ભકતોન ચિત્તમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાય તથા જીવનભર તેમાંથી માર્ગદર્શન મળતું રહે તેવી વ્યવસ્થા કરી છે. ભક્તિયોગમાં પરમાત્મા સાથે પૂરા પ્રેમ, નિષ્ઠા તથા શ્રદ્ધાથી સંબંધ સાધવો જોઈએ. અને તે માટે પરમ તત્વના ચોક્કસ લક્ષણો તથા ગુણો જાણવા જોઈએ. જે શિક્ષાપત્રી દ્વારા સહજભાવે સમજાય છે. આપણી આસપાસ જયાં અજ્ઞાનનો અંધકાર છે ત્યાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાં તે આપણી નૈતિક ફરજ છે. પણ જો આપણે દિવો જ ઓલવાયેલો હોય તો તે અન્ય દિવા ન પ્રગટાવી શકે. શિક્ષાપત્રી આપણા આત્મા દિપકને પ્રગટાવી શકે તેવી જયોતિ છે. ૨૧૨ શ્લોકનો આ નાનકડો ગ્રંથ પોતાનામાં વિશાષ ભાવના ભરે છે. સ્વામીનારાયણ ભગવાને જ જે ગ્રંથો રચ્યા તેમાં શિક્ષાપત્રી મોખરાનું સ્થાન ધરાવે છે. શિક્ષાપત્રી એ જીવન ઉપયોગી ગ્રંથ છે. તેનું લખાણ સહેતુક તથા સર્વજનહિતાય થયું છે. આ બીજો શબ્દ ચોક્કસ પ્રયોજન સૂચવે છે. સહેતુક શબ્દ લોકિક વ્યવહાર સૂચવે છે. જ્યારે સર્વ જીન હિતાય એ સર્વ જીવોનું જેમાં કલ્યાણ થાય તેવો ભક્તિમાર્ગ દર્શાવે છે. સહેકુતમાં સંપ્રદાયના આશ્રિતોને સન્માર્ગે દોરવાની ભાવાના છે. વ્યવહારિક આદેશો જીવતા જીવનને વધારે નીતિમય અને સુવ્યવસ્થિત બનાવે તે માટે છે. પારમાર્થિક આદેશોમાં મોક્ષ-પ્રાપ્તિના લક્ષ્યને આંબવાનો માર્ગ દર્શાવાયો છે. લોકો વિવિધ પ્રકારના નાના નાના ફળની અપેક્ષાએ વિવિધ કર્મો કરતા હોય છે. આવા કર્મો જ વ્યક્તિના આગળના જન્મના કારણભૂત બને છે. જો કર્મો ધાર્મિક સંસ્કાર ધરાવતા હોય તો વ્યક્તિના પછીના જન્મો ઉચ્ચસ્તરના થાય છે. અને જન્માન્તરો પછી મુક્તિ પ્રાપ્ત થયા છે. પરમાત્મા માટે કરાયેલી કોઈ પણ પ્રવૃત્તિએ જ્ઞાનમય વિદ્યા છે.

પારમાર્થિક બાબતમાં મોક્ષ પ્રાપ્તિ તેના માટેના સાધનો આ સાધનોમાંથી ગ્રાહ્ય કરવા જેટલા કેટલાક અને ભજવા જેવા કેટલાક તેના વિવેક શિક્ષાપત્રીમાં દર્શાવે છે. આ પત્રીનું હાર્દ તો ભક્તિયોગ છે. ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ દ્વારાજ મોક્ષ પ્રાપ્ત થાય છે તેવું સ્પષ્ટ જણાવ્યું છે. મોશ્રની સ્પષ્ટતા કરતાં જણાવાયું છે કે મોક્ષ એટલે સર્વ કર્મનો ક્ષય અને બ્રહ્મભાવ પામવો તે મોક્ષ જ્ઞાન તથા કર્મ મારફ્ત પણ મળી શખે છે. જ્ઞાન યોગ તથા કર્મ યોગ મોક્ષના દ્વારે પહોંચાડે છે. ખરા, પણ મોક્ષધામમાં દાખલ થવા ભક્તિ જળથી સ્નાન કરી વિશુદ્ધ થવું પડે છે. જ્ઞાની અને કર્મયોગી કરતાં ભકતને પ્રથમ સ્થાન મળે છે. માત્ર બુદ્ધિથી કામ સરતું નથી .જાણ્યા પછી જાણેલું જીવનમાં ઉતારવું જોઈએ જ્ઞાન મનમાં બરાબર પચવું જોઈએ. વાણી વર્તન તથા વ્યવહારમાં સદાચાર પ્રગટ તે શિક્ષાપત્રીનો સંદેશો છે.

અલૌકિક તથા પરલોકિક વિષયોને અમલમાં મુકવામાટેના બે પ્રકાર આદેશો છે. નિષેધાત્મક તથા વિધેયક. માનસશાસ્ત્રનો જ સિદ્ધાંત ભગવાને બરાબર લાગુ પાડ્યો છે જે જે નિષેધાત્મક આદેશો છે તે આપણા નૈતિક જીવનની ઢાલી બાજુ પર પ્રકાશ ફેંકે છે. જેમ કે ભગવાનની પૂજા નિમિતે પણ પારકાના બગીચાના ફૂલ રજા વિના લેવાં તે પણ ચોરી છે. ભગવાનનું નામ કે કથા તો ગમે ત્યાંથી સંભળાય તેવું ઘણા માને છે. પણ પાખંડી-ધૂતારા કે જૂઠ્ઠાબોલા લોકોના મુખથી કહેવાતી કથા ન સાંભળવી. વળી સ્ત્રીઓના મુખે થતી કથા પુરુષોએ સામે બેસી ન સાંભળવી. આમાં પણ ચંચળ મન પરની ટકોર છે. ઘણા નિષેધો તો સૌ માટે છે. જેવા કે હિંસા ન કરવી, આત્મઘાત ન કરવો. વ્યસનો ન કરવા. માંસ ભક્ષણ ન કરવું. વહેમોમાં ન પડવું. પોતાના સ્વાર્થ ખાતર મિથ્યાભાન ન મુકવો. નિંદા ન કરવી. ઈત્યાદિ નિષેધાત્મક સૂચનો છે.

વિધેયાત્મક સૂચનો વિશેષ અગત્ય ધરાવે છે. શિક્ષાપત્રીમાં ગૃહસ્થાન, ત્યાગીના, સાધુના તથા સ્ત્રીઓ માટે વિવિધ આદેશો મુકાયા છે. ગૃહસ્થાને સંબંધ વિનાની સ્ત્રી સાથે ન રહેવું. વિધવાનો સ્પર્શ ન કરવો. પોતાની આવકનો અમુક ભાગ દાન કરવો. દરરોજ નામું લખવું. પોતાના માતા-પિતાની સેવા કરવી. ઘરના નોકરોને યોગ્ય મહેનતાણું આપવું. વળી પોતાના ગુરુને વડિલોને, વિદ્વાનોને નમન કરી માન આપવું. અંગે દેખાય તેવાં વસ્ત્રો ન પહેરવા. જેવી વ્યવહારિક સૂચનો છે. શિક્ષાપત્રીની આ બધા આદેશોમાંથી મોટાભાગના શ્રુતિ ગ્રંથો, સ્મૃતિ ગ્રંથો તથા નીતિ ગ્રંથોમાંથી લેવામાં આવ્યા છે. એ રીતે શિક્ષાપત્રી વેદાંકત સાહિત્યની પરંપરાનો જ ગ્રંથ મનાય તેમ છે.

વ્યવહારિક જ્ઞાન-વિજ્ઞાન કરતાં પારમાર્થિક જ્ઞાન અને તે માટેના આદેશો વધારે રચનાત્મક છે. જેઓ મુમુક્ષુ છે. સાધકો છે તેના માટે તો તેનુ આચરણ ફરજિયાત છે. જેમકે આત્મનિવેદી ભકતે તો ભગવાનને ધરાવ્યા વિના પાણી પણ ન પીવું. સંપ્રદાયના આશ્રિતોએ બ્રાહ્યાચાર પણ પાળવા જરૂરી છે. કંઠમાં બેવડી તુલસીની કંઠી ધારણ, કપાળમાં ઊર્ધ્વપૃંટ તિલક કરવું. રોજ સાંજે મંદિરે જવું ઉત્સવો પ્રસંગે ભજન કિર્તન કરવા. એ બ્રાહ્ય આચારો છે. સાથો સાથ આત્મશુદ્ધિ માટે સતત જાગૃતિ કેળવવી પોતાના ગુરુએ આપેલી મૂર્તિની જ પૂજા કરવી. ધન તથા જમીન પરત્વેનો વ્યવહાર સાક્ષી રાખી રાખી લેખિત કરવો. સદ્શાસ્ત્રોનું વાચન કરવું. તેનું શ્રવણ કરવું અને ઉતક્ષત જીવન તરફ પગલાં પાડવાં. શિક્ષાપત્રીમાં વિવિધ સ્તરના લોકો માટે વિવિધ સૂચનો છે સૌભાગ્યવતી તથા વિધવા સ્ત્રીઓ માટે ખુદ આચાર્ય તથા આચાચાર્ય-પત્ની માટે નીતિ-નિયમો સ્પષ્ટ દર્શાવ્યા છે. શિક્ષાપત્રી માટે જેટલું કહેવાય તે આવું જ પડે તેથી શિક્ષાપત્રીના ધ્યાન માટેના બે મંત્રો ભાવાર્થ આપી પૂર્ણ કરીએ.

આ શિક્ષાપત્રી અંતરના તિમિરને હરનારી,કોઈ અપૂર્વ અંજના શબલાકા છે એ પ્રજ્ઞારૂપી દૃષ્ટિના પ્રકાશ માટે સર્વ રોઈએ સેવન કરવા યોગ્ય છે.

શ્રી સ્વામીનારાયણ ભગવાનનું, સર્વ કોઈનું મંગળ કરનારું આ બીજું સ્વરૂપ શિક્ષાપત્રી સ્વરૂપે પૃથ્વી પર પ્રકાશે છે.

સમસ્ત શાસ્ત્રરૂપી ક્ષીર-સાગરના મધ્યમાંથી મંથન કરી ઉદધૃત કરેલ આ અમૃત સૌને મોક્ષ આપનાર છે.